# ॥ ગુરુઆજ્ઞા મહિમા કીર્તન ॥

ગુરુદેવ હે પ્રાણપ્યારા અમારા જુગ-જુગ જયકાર તારા,
તારાં વચન હો જીવન અમારાં વંદન એ સાચાં અમારાં;
ગુરુદર્શન એ સાચાં અમારાં... ગુરુદેવ હે...

ગુરુ છે બ્રહ્મા વિષ્ણુ ગુરુ છે ગુરુ રૂપ મહેશ્વર,
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ તત્ત્વ સંસાર મંગલ સત્ત્વ;
ગુરુ શરણમાં શાતા સમત્વ આનંદ અમૃતધારા,
ગુરુવચન હો જીવન અમારાં વંદન એ સાચાં અમારાં;
ગુરુદર્શન એ સાચાં અમારાં... ગુરુદેવ હે...

ગુરુવચન એ વાણી પરા છે શબ્દ પરમ નાદબ્રહ્મ,
ગુરુજીવનની પળ-પળ કેવળ અથથી ઇતિ પરબ્રહ્મ;
ગુરુરૂપે આજ પ્રગટ હરિ છે સાહેબ પ્રાણદુલારા,
તારાં વચન હો જીવન અમારાં વંદન એ સાચાં અમારાં;
ગુરુદર્શન એ સાચાં અમારાં... ગુરુદેવ હે...

મનની વૃત્તિ રાખી પ્રભુમાં કરવાં કાર્યો પ્રભુનાં,
સુહૃદભાવે સંપીને એક હેતુ હરિની પ્રસન્નતા;
ફરિયાદ નહીં કોઈ ન કોઈ અપેક્ષા પ્રાર્થું સદા બળ તારાં,
તારાં વચન જો જીવન અમારાં સાચાં તો શિષ્ય તમારા;

સાહેબ હે પ્રાણપ્યારા અમારા જુગ-જુગ જયકાર તારા,
તારાં વચન હો જીવન અમારાં વંદન એ સાચાં અમારાં;
ગુરુદર્શન એ સાચાં અમારાં...

* * *

# II GuruAāgñā Mahimā Kīrtana II

**Gurudēva hē prāṇapyārā amārā juga-juga jayakāra tārā,**
**Tārā vachana hō jīvana amārā vandana ē sāchā amārā;**
**Gurudarśhana ē sāchā amārā... Gurudēva hē...**

**Guru chē brahmā Viṣhṇu guru guru rūpa Mahēśhvara,**
**Guru sākṣhāt parabrahma tattva sansāra maṅgala sattva;**
**Guru śharaṇamā śhātā samatva ānanda amr̥utdhārā,**
**Guruvachana hō jīvana amārā vandana ē sāchā amārā;**
**Gurudarśhana ē sāchā amārā... Gurudēva hē...**

**Guruvachana ē vāṇī parā chē śhabda parama nādabrahma,**
**Gurujīvananī paḷa-paḷa kēvaḷa atathī iti parabrahma;**
**Gururūpē āja pragaṭa hari chē Sāhēb prāṇadulārā,**
**Tārā vachana hō jīvana amārā vandana ē sāchā amārā;**
**Gurudarśhana ē sāchā amārā... Gurudēva hē...**

**Mananī vr̥utti rākhī prabhumā karavā kaāryō prabhunā,**
**Suhr̥adabhāvē sampīnē ēk hētu harinī prasannatā;**
**Fariyāda nahī kō'ī na kō'ī apēkṣhā prārthu sadā baḷe tārā,**
**Tārā vachana jō jīvana amārā sāchā tō śhiṣhya tamārā;**

**Sāhēb hē prāṇapyārā amārā juga-juga jayakāra tārā,**
**Tārā vachana hō jīvana amārā vandana ē sāchā amārā;**
**Gurudarśhana ē sāchā amārā...**

* * *